www.researchguru.net
Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-14, Issue-4, March-2021

# ખેડબ્રહ્મા યાત્રાધામ અને મુધ્રણેશ્વર મહાદેવ મંદિર જાદરનું પ્રવાસન સ્થાન તરીકે અધ્યયન

ડૉ.મોતીભાઈ દેવું
મદદનીશ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા(ગાંધીનગર)

***<u>સારાંશ</u>***

*ગુજરાતમાં પ્રવાસન સ્થળોનો વિકાસ સતત વધતો જાય છે. તેમાં ધાર્મિક અને ઐતિહાસિક પ્રવાસન સ્થાન તરીકે વિવિધ વિસ્તારોમાં મહત્વના પ્રવાસ સ્થળો તરીકે જાણીતા થયેલા છે. આજના સમયમાં આ પ્રવાસનને મનુષ્ય આર્થિક, સામાજિક, ધાર્મિક કે સાંસ્કૃતિક ક્ષેત્રે વણી લીધું છે. પ્રાચીન યુગથી જોઈતો જ્યારથી મનુષ્યને સમજણ આવી, મનુષ્ય પોતાના આનંદ-પ્રમોદ માટે જીવન નિર્વાહ માટે જ્ઞાન મેળવવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ સતત આવન-જાવન કરતો રહ્યો છે. આ આવન-જાવનમાંથી આજના આ પ્રવાસન યુગના પગરવ મંડાયા. સમયજતા આજ પ્રવાસન ધીરે ધીરે એક ઉદ્યોગનું સ્વરૂપ પણ બની ગયું. એટલે કે મનુષ્યના જીવનમાં પ્રવાસન પણ એક અભિન્ન અંગ તરીકે એક યા બીજા સ્વરૂપે જોડાયેલું આપણને જોવા મળે છે. તો આવા બે મહત્વના પ્રવાસ સ્થાનોમાં યાત્રાધામ ખેડબ્રહ્મા અને મુધ્રણેશ્વર મહાદેવ મંદિર જાદર નું પ્રવાસનની દ્રષ્ટિએ અધ્યયન આ પ્રમાણે છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *પ્રવાસન, ઐતિહાસિક, ધાર્મિક*

**પ્રસ્તાવના :**

સાબરકાંઠા જિલ્લાના જિલ્લામાં વિવિધ સ્થળો આવેલા છે.તેમાં વિજય નગરની પોળોના જંગલો અને સ્મારકો એ આપણા વારસાને ઉજાગર કરતા સ્મારકો છે. સાથે સાથે ઈડરિયો ગઢ જે આખા ગુજરાતમાં જાણીતો છે. ખેડબ્રહ્મા યાત્રાધામ, મીની પાવાગઢ-વક્તાપુર, રોડાના મંદિરો, મહાકાળી મદિર, સાંપડ, સપ્તેશ્વર મહાદેવ મંદિર, બેરણા યાત્રાધામ, અડપોદરા વગેરે ધાર્મિક સ્થળો એ ઐતિહાસિક પ્રવાસન સ્થળો છે. આજે પ્રવાસન સ્થળોએ વિવિધ સગવડો મળતી થઇ છે. અને તેમાં સમયાંતરે પરિવર્તન પણ આવતું જાય છે. તેવી જ રીતે સાબરકાંઠા જિલ્લાના મહત્વના બે પ્રવાસ સ્થાનોમાં યાત્રાધામ ખેડબ્રહ્મા અને મુધ્રણેશ્વર મહાદેવ મંદિર જાદર આ સ્થળો પણ મહત્વના બન્યા છે. આ સ્થળો પ્રવાસ સ્થાનો તરીકે વિકસિત થતાં આ વિસ્તારના સ્થાનિક લોકો પણ પોતાની રોજિંદી આવક મેળવવા સામે સગવડો પણ આપતા થયા છે. સરકાર પણ આવા વિશિષ્ટ પ્રવાસન સ્થળો પર પ્રદેશ કે દેશ-વિદેશના પ્રવાસીઓ સરળતાથી અવર જવર કરી શકે, રહી શકે તેમનું ભાવતું ભોજન મળી શકે અને આનંદ પ્રમોદ કરી શકે તેવી સગવડો ઉભી કરવાના પ્રયત્નો સતત થતાં રહ્યા છે. પ્રવાસ સ્થાનો એવા ખેડબ્રહ્મા યાત્રાધામ અને મુધ્રણેશ્વર મહાદેવ મંદિર જાદરનું પ્રવાસન સ્થાન તરીકે અધ્યયન આ પ્રમાણે છે.

**ખેડબ્રહ્મા યાત્રાધામ:**

ખેડબ્રહ્મા એ સાબરકાંઠા જિલ્લાનું સુંદર યાત્રાધામ બ્રહ્માજી અને અંબાજી માતાના સુંદર અને ભવ્ય મંદિરો છે. દર વર્ષે લાખો યાત્રાળુઓ અહીં શ્રદ્ધા અને ભક્તિથી દર્શન કરવા આવે છે. અંબાજી તીર્થથી આ યાત્રાધામ ૪૫ કી.મી જેટલું થાય છે.

ખેડબ્રહ્મામાં ભૃગુઋષિ મહાદેવનો હજારો વર્ષ તપ કરેલું આ મહાદેવ મંદિર સિરોહીના દરબારે જીર્ણોદ્ધાર કરાવેલો અને ૧૯૯૫માં નવનિર્માણ કરેલ ખેડબ્રહ્મા યાત્રાધામ હોવાથી પ્રવાસીઓની અવર-જવર રહે છે. ત્રિવેણી સંગમ શ્રાવણ માસમાં મેળો ભરાય છે. શિવરાત્રી કારતક મહિનાની પૂનમના દિવસે યાત્રાળુઓની સંખ્યા વધુ આવતી હોય છે[1] ખેડબ્રહ્મા બ્રહ્માજીના મંદિર પાસે ૬૦૦ વર્ષ જૂની વાવ આવેલી છે. આ વાવ આજે ૨૭ ગોખ મોજુદ છે. ગોખમાં એક પણ દેવી-દેવતાની મૂર્તિ જોવા મળતી નથી આ વાવ કોણે બનાવી તે એક સંશોધનનો વિષય છે. દર વર્ષે દિગંબર જૈનો અને ખેડાવળ બ્રાહ્મણો દ્વારા આ વાવમાં તેમના અધિષ્ઠતાં દેવનું પૂજન કરવામાં આવે છે.[2]

બ્રહ્માજીનું મંદિર ગામની મધ્યમાં આવેલ છે. ખેડબ્રહ્મામાં આવેલ અંબાજી માતાના મંદિરનું મહાત્મ્ય ખુબ છે.[3]

અંબાજી મંદિરના ઇતિહાસ વિષે ચોક્કસ માહિતી પ્રાપ્ત થઇ નથી. પરંતુ સાબરકાંઠા જિલ્લાનું મોટામાં મોટું યાત્રાધામ છે. ગુજરાત રાજ્ય તથા ભારત ભરમાંથી પ્રવાસીઓ માતાજીના દર્શનાર્થે આવે છે. દર્શનનો સમય સવારે ૭ થી રાત્રે ૯ સુધી રહે છે. પ્રસાદીની વ્યવસ્થા છે. ભાદરવી પૂનમના દિવસે અને કાર્તિક પૂનમના દિવસે એક લાખ કરતા વધુ પ્રવાસીઓ આવે છે. આ અંબાજી માતા યાત્રાધામ ખાતે ભોજન વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા, ૧૭૦ રૂમો છે. આગામી સમયમાં આ યાત્રાધામનો વિકાસ કરવા માટેના આયોજનોમાં માનસરોવરનો વિકાસ કરવો, આ યાત્રાધામ પહોચવા માટે વિવિધ શહેરોથી બસોની સગવડ કરેલ છે. સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ યાત્રાધામ આ મંદિરની વ્યવસ્થા અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ કરે છે.[4]

ખેડબ્રહ્મા યાત્રાધામમાં વિવિધ મંદિરો અને ઐતિહાસિક સ્થળો આવેલા છે. બ્રહ્મામંદિર, બ્રહ્માવાવ, અદિતિવાવ, અંબિકા મંદિર, ભૃગુ ઋષિ આશ્રમ, મહાલક્ષ્મી મંદિર, પાનકંઠ મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર વગેરે સ્થળો આવેલા છે. ખેડબ્રહ્મા યાત્રાધામ સતત વિકાસ કરી રહ્યું છે. ખેડબ્રહ્મા યાત્રાધામ વિકસી રહ્યું છે. આ સ્થળે પ્રવાસીઓને વિવિધ સુવિધાઓ મળી રહે છે. આ સ્થળે વધુને વધુ પ્રવાસીઓ આવવાના કારણે આજુ-બાજુના ગામોના લોકો તથા સ્થાનિક વેપારીઓને રોજગારી માટેની તકો ઉભી થઇ છે. અંબાજી માતાજી પરિસર અને તેની આગળના ભાગમાં ઘણા લોકો રોજગારી પ્રાપ્ત કરવા માટે પોતાનો વ્યવસાય કરવા આવે છે. પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહે છે. કેટલાક લોકો માટે આજીવિકાનું સાધન બન્યું છે. આવનાર સમયમાં વધુ વિકાસ માટેની શક્યતાઓ રહેલી છે.

**મુધ્રણેશ્વર મહાદેવ –જાદર :**

સાબરકાંઠા જિલ્લાના જાદર મુકામે આવેલ મુધ્રણેશ્વર મહાદેવ મંદિર આવેલ છે. આજે શ્રી મુધ્રણેશ્વર મહાદેવની કીર્તિ નામ અને ચમત્કારના કારણે પ્રખ્યાત છે. આ વીરનર શિવ સ્વરૂપ મહાદેવ શ્રી મુધ્રણેશ્વર ગાયોને બચાવવા, ગૌવત્સમાતા વિયોગના દુ:ખને વિહારી ગાયોને વત્સના મેળાપ કરાવી, ગાયોના અંતકરણના આશિર્વાદથી મહાદેવ

પદ પામી શ્રી મુધ્રણેશ્વર મહાદેવ જાદર ગામમાં દેવ સ્વરૂપે પુંજાય છે.

આજે વર્તમાન કાલની અંદર જાદર જ્યાં વસી રહ્યું છે. તે સ્થાને ભૂતકાળમાં વેરાન ઉજ્જડ જંગલ હતું. ગામમાં સૌ પ્રથમ ગોવાળિયાઓની ગાયો વેરાન જંગલમાં ઘાસચારા માટે જતી હતી. તેવા ભયાનક જંગલમાં ખીજડાનું ઝાડ હતું. અને ઝાડ નીચે કુદરતી રીતે રાફડાનો દર હતો. ગોવાળિયાની ગાય ભાગ્યશાળી હોવાથી રોજ ઘાસચારો લઇ પોતાના રહેઠાણ તરફ જવાનો પ્રયાસ કરે. પરંતુ ગાય માતાનું દૂધ રોજ દોહાઈ જતું હોય તેમ ગોવાળને લાગ્યું. આ ક્રિયા સતત ચાલુ રહી અને ગોવાળિયાને થયું કે લાવ જોઉં તો ખરો કે આ દૂધ જાય છે ક્યાં. તેને જોયું કે ખીજડાના ઝાડ નીચે રાફડાના દરમાં નાગદેવ છે. અને પોતે દૂધ પી રહ્યા છે. જે દિવસે ગોવાળ જોઈને ગયેલો તે જ દિવસે રાત્રે તેને સ્વપ્ન દેખાયું તો જાણવા મળ્યું કે શિવ કુદરતી સ્વયંભૂ પ્રગટ થયા અને પછી ગોવાળે પ્રભુને કહ્યું કે હે પ્રભુ આ આ ગરીબ ગોવાળનું કહેલ કોઈ માનશે નહિ માટે તમો જે ગામના મુખીને તેનો સ્વપ્નમાં આવી કહો કે હું સ્વયંભૂ રૂપે પ્રગટ થઇ ચુક્યો છું અને તમો મારું મંદિર તૈયાર કરો. સંવત ૧૫૯૧ની સાલની વાત છે. અને જાદર ગામની હસ્તી પછી થયેલ છે.

શરૂઆતના સમયમાં ઈંટો ગોઠવી એક નાનું મંદિર બનાવ્યું. સમયની સાથે પરિવર્તન થતા ધીમે ધીમે સ્વયંભૂ સ્વપ્નમાં દેખાયું કે જે જગ્યાએ ઈંટોથી બનાવેલ ત્યાજ મંદિર બનાવવાનું સ્વપ્ન આવ્યું. એટલે કે મંદિરનું સમારકામ કરાવવા માટે આર્થિક સહયોગ પણ આપ્યો. હાલમાં મંદિર છે તે ૪૦૦ વર્ષ પહેલાનું છે.[5]

**જાદરના મુધ્રણેશ્વર મહાદેવનો લોક મેળો :**

જાદર ગામમાં પ્રસિદ્ધ મુધ્રણેશ્વર મહાદેવનું મંદિર વર્ષો પુરાણું સ્વયંભૂ શિવાલય આવેલું છે. દર વર્ષે આ ગામમાં ભાદરવા સુદ બીજા સોમવારે ભવ્ય લોકમેળો ભરાય છે. આ મેળામાં આસપાસના ગામોમાંથી તથા જિલ્લા અને રાજ્યમાંથી મુધ્રણેશ્વર મહાદેવના દર્શને ભક્તો લાખોની સંખ્યામાં ઉમટી પડે છે. મુધ્રણેશ્વર મહાદેવના મંદિરમાં આવેલું હાલમાં પણ પંચ ધાતુના મહાદેવના સ્થાનક નીચે ગાયની ખડી છે. નાગ સ્વરૂપે દાદા બિરાજમાન છે. હાલ શ્રી મુધ્રણેશ્વર મહાદેવમાં શંકર ભગવાનનું લિંગ દશ્યમાન નથી. તેવું ભારત ભરનું એક માત્ર શિવ મંદિર છે. તેમાં જલધારીની નીચે થાળું છે. તેની નીચે નાગદેવનો રાફડો છે. અને આ રાફડા પર ગાયના પગની ખરીની આકૃતિ ઉપસી આવી છે. જે આજે પણ શિવલિંગ તરીકે પુંજાય છે. આ મંદિરનું મહત્વ પણ લોકકલ્યાણના પરોપકારી કાર્ય જેવું છે. કોઈપણ મનુષ્યને સાપ, વીંછી કે ઝેરી જાનવર કરડે તો જાદરના મુધ્રણેશ્વર મહાદેવનું નામ લેવાથી જ અલૌકિક ચેતના જાગૃત થાય છે. દાદાના નામથી બાધા રાખડી રાખી તુરંત સુતરનો દોરો હાથ પર બાંધી દેવામાં આવે તો તરત જ રાહત થાય છે. ઝેરી જનાવર કરડેલા દર્દીને મંદિરમાં લાવવામાં આવે છે. લીમડો કડવો હોવા છતાં જે તે ઝેરી જનાવર કરડ્યું હોય તેને મીઠો લાગે છે. અને જયારે કડવો સ્વાદ લાગે ત્યારે સમજવું કે દર્દીને ઝેર ઉતરી

ગયું છે. ધાર્મિક માનતા પરિપૂર્ણ થતા પરિણામ સ્વરૂપે દર વર્ષે ભાદરવા સુદ બીજા સોમવારે મેળો ભરાય છે. લોકો માનતા પૂરી કરવા નાળીયેર વધેરે છે. તે દિવસે હજારોની સંખ્યામાં શ્રીફળ વધેરાય છે. સમગ્ર મંદિરનો વહીવટ મુધ્રણેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. મંદિરના નાયક બંધુઓ વર્ષોથી સેવા કરે છે.[6]

શ્રાવણ માસમાં આ મંદિરમાં કરોડો બિલીપત્ર ચઢાવાય છે. કાંશીના જગદગુરુ શંકરાચાર્યે આ મંદિરમાં રાત્રી રોકાણ કરી મુધ્રણેશ્વર મહાદેવની પૂજા અર્ચના કર્યા હતા. મહાશિવરાત્રીના રોજ ખાસ વરઘોડો નીકળે છે. અને મહાપૂજા કરવામાં આવે છે. આ મંદિર દક્ષિણાભિમુખ છે. આ મંદિરનું પુનરુત્થાન ટ્રસ્ટે બનાવવાનું નક્કી કરેલ છે. આ મંદિર ઇડર રાજ્ય દરમ્યાન નાટકો જે ને અતિપ્રિય છે તેવા રાજાએ આ મંદિર નાયકોને આજીવિકા માટે દાનમાં આપેલું. લાંબા સમય સુધી મંદિરનો વહીવટ તેમની પાસે હતો. પણ હાલ ટ્રસ્ટ ગામનું બનાવી વહીવટ સોપાયો છે.[7]

સતત બે દિવસ સુધી લોકમેળાનું આયોજન ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવે છે. એસ.ટી.તંત્ર દ્વારા મેળા માટે ખાસ આજુ બાજુના ગામો અને શહેરો માટે બસ સેવા મુકવામાં આવે છે. જાદર ગ્રામપંચાયત દ્વારા પાણી, આરોગ્ય, વીજળી જેવી સુવિધા તથા પૂરતા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે.

અભ્યાસ દ્વારા કરેલા સ્થળોના ઊંડાણપૂર્વકના અભ્યાસના અંતે એક વાત એ ફળીભૂત થાય કે આવા સ્થળોને એક બીજા સ્થળો સાથે સાંકળી લઇ તેમની મુલાકાત માટે એક વિશિષ્ટ પ્રકારની માળખાકીય સુવિધા કરવામાં આવે ટો આ ઐતિહાસિક ધરોહરો તેમજ વિવિધ પ્રવાસનના સ્થળોને વધુને વધુ લોકપ્રિયતા પ્રાપ્ત થશે. આની પાછળનો મૂળભૂત તર્ક એ છે કે ગુજરાતના બીજા કોઈ જિલ્લા સૌરાષ્ટ્ર કે કચ્છમાંથી કે દક્ષિણ ગુજરાતમાંથી આવતા મુલાકાતી કે પ્રવાસીને તેની પાસે અડધો જ દિવસનો સમય હોય આ સમય દરમ્યાન એક સ્થળેથી ઉપડતી આવી બસ સેવા તેને ઓછા ખર્ચમાં અને ઓછા સમયમાં વધુને વધુ સ્થળોની મુલાકાત કરાવી શકાય. આમ પ્રવાસન સ્થળોને વધુ વેગ મળશે.

**પાદનોંધ**

1. વૈષ્ણવ શયુંદાસ, ભૃગુ મહાદેવ મંદિર, પુજારી, રૂબરૂ મુલાકાત, તા-૨૩/૧૧/૨૦૧૮.
2. https://gujarati.oneindia.com/features/some-interesting-stepwell-gujarat-019322.html તા-૨૪/૧૧/૨૦૧૮.
3. ઓઝા દિગંત, ગૌરવભૂમિ ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,૨૦૦૩, પૃ-૧૨૦.
4. રહેવર ઘનશ્યામસિંહ, મેનેજર, અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ,ખેડબ્રહ્મા, રૂબરૂ મુલાકાત તા-૨૩/૧૧/૨૦૧૮.
5. ત્રિવેદી સતીશચંદ્ર શાંતિલાલ(સંકલન), શ્રી મુધ્રણેશ્વર મહાદેવ અર્ચન-ઉપાસના રહસ્ય, કલા સારથી આર્ટ ફાઉન્ડેશન, અમદાવાદ, ૨૦૦૭, પૃ-૫.
6. એજન, પૃ-૫-૬.
7. એજન, પૃ-૬.